# ટૂંકી મુદતની જાહેર નિવિદા

**કઠોળ સંશોધન કેન્દ્ર**

**સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલચરલ યુનિવર્સિટી,**

**સરદારકૃષિનગર.**

કઠોળ સંશોધન કેન્દ્ર ખાતે તારીખ ૨૮ થી ૩૦ એપ્રીલ ૨૦૧૮ દરમ્યાન રાખવામાં આવેલ નેશનલ એન્યુઅલ ગ્રુપમીટ(મુર્લાપઅને એરીડલેગ્યુમ) માટે જરૂરી ચા/કોફી, નાસ્તો , ભોજન અને મીનરલપાણી, માટેના ભાવ નિયત ટેન્ડર ફોર્મમાં મંગાવવામાં આવે છે. નિયત ટેન્ડર ફોર્મ રૂા. ૧૫૦૦/– (નોન રીફંન્ડેબલ) રોકડા અત્રેની કચેરીમાં ભરી મેળવવાનું રહેશે.ટેન્ડરની વિગતવાર માહીતી / શરતો કચેરી ખાતે રૂબરૂમાં તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.sdau.edu.in ઉપર જોઈ શકાશે. ટેન્ડર પોસ્ટ / કુરીયર મારફતે આ કચેરીને મોડામાં મોડું તા. ૧૫/૦૪/૨૦૧૮ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળે તેમ રવાના કરવાનું રહેશે.

સ્થળ :– સ.કૃ.નગર

તાઃ– /૦૪/૨૦૧૮

ઓર્ગેનાઈઝીંગ સેકરેટરી,

એન્યુઅલ ગ્રુપમીટ(મુર્લાપઅને એરીડલેગ્યુમ)

Scanned by CamScanner

**કઠોળ સંશોધન કેન્દ્ર**

**સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલચરલ યુનિવર્સિટી,**

**સરદારકૃષિનગર.**

(એન્યુઅલ ગ્રુપમીટમુર્લાપઅને એરીડલેગ્યુમ –૨૦૧૮)

**ભોજન, ચા–નાસ્તા માટેનું ટેન્ડર ફોર્મ**

ટેલીફોન નં. ૦૨૭૪૮–૨૭૮૧૫૮ / ૦૨૭૪૮–૨૭૮૪૫૯

Scanned by CamScanner

ટેન્ડર નંબર–

**કઠોળ સંશોધન કેન્દ્ર**
**સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલચરલ યુનિવર્સિટી,**
**સરદારકૃષિનગર.**
(એન્યુઅલ ગ્રુપમીટમુર્લાપઅને એરીડલેગ્યુમ –૨૦૧૮)

ભોજન તેમજ નાસ્તાના ભાવ આપનાર પાર્ટીનું નામ –

પુરેપુરૂ સરનામું –

મોબાઈલ નં –

ઈએમડી ની રકમ (રૂા.) – ૧૦,૦૦૦/–

ડી.ડી./ ચેક નંબર, અને તારીખ –

Scanned by CamScanner

## ચા–નાસ્તા અંગેનું ટેન્ડર ફોર્મ ::–

પાર્ટીનુ પુરૂ નામ : ____________

સરનામુ: ____________

____________

મોબાઈલ: ____________

તારીખ:– ____________

પ્રતિ,
ઓર્ગેનાઈઝીંગ સેકરેટરી,
એન્યુઅલ ગ્રુપમીટ(મુલાંપઅને એરીડલેગ્યુમ)
કઠોળ સંશોધન કેન્દ્ર
સ.દાં. કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર.

**વિષય:– ભોજન તેમજ ચા–નાસ્તા ના ભાવ આપવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે અમો / હું પાછળ છાપેલ ટેન્ડરની શરતોને આધિન રહીને ભોજન સમારંભ માટે નીચે મુજબના ભાવો આપીએ છીએ / આપું છું.

**–: ત્રણ દિવસ માટે મેનુંનું આયોજન :–**

| અ. નં. | તારીખ | સમય | ભોજન તેમજ નાસ્તો (અન લીમીટેડ) | વ્યકિતઓની અંદાજીત સંખ્યા | ભાવ પ્રતિ ડીશ/ નંગ (રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૮/૦૪/૧૮ | ૦૬:૦૦ થી ૦૭:૦૦ | ચા / કોફી | ૨૦૦ | |
| | | ૦૭:૩૦ થી ૦૮:૩૦ | **નાસ્તો(સવાર) :** આલુ પરોઠા, દહી, આચાર, બ્રેડ બટર, સોજી ઉપમા, ચા–કોફી, | ૨૫૦–૨૭૫ | |
| | | ૧૧:૦૦ | **હાઈ ટી (ઉદઘાટન પછી)** સમોસા ,સોસ( આઈટમ વ્યકિત દીઠ–૧ નંગ ) તથા કાજુકતરી, (વ્યકિત દીઠ– ૨ નંગ ), વેફર, ચા–કોફી, | ૩૦૦–૩૧૦ | |
| | | ૦૧:૩૦ થી ૦૨:૩૦ | **ભોજન(બપોર) :** વેજ સૂપ, બટરચપાટી, પુરી,પનીરમસાલા, ભીંડીમસાલા, દેશી ચણા,પંજાબી દાળ, જીરારાઈસ, ગ્રીનસલાડ,પાપડ,દહી, રસમલાઈ, આઈસક્રીમ | ૨૫૦–૨૭૫ | |
| | | ૦૪:૩૦ | ચા / કોફી ,બિસ્કિટ | ૨૦૦ | |
| | | ૦૮:૩૦ થી ૦૯:૩૦ | **ભોજન(રાત્રે) :** બટરચપાટી,પુરી,દાળભાત, મિકસશાક, ગીલોડી(ફ્રાય),દહી, ગ્રીનસલાડ,પાપડ, આઈસક્રીમ | ૨૫૦–૨૭૫ | |

Scanned by CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ૨૯/૦૪/૧૮ | ૦૬:૦૦ થી ૦૭:૦૦ | ચા / કોફી | ૨૦૦–૨૨૫ | |
| | | ૦૭:૩૦ થી ૦૮:૩૦ | **નાસ્તો(સવારે) :** છોલે ભટુરે, દહી, બ્રેડ બટર,બડા ઈડલી સંભાર, જામ,ચા–કોફી | ૨૦૦–૨૨૫ | |
| | | ૧૧:૦૦ | ચા,બિસ્કિટી,કોફી, | ૨૦૦–૨૨૫ | |
| | | ૦૧:૦૦ થી ૦૨:૦૦ | **ભોજન(બપોરે) :** હોટ એન્ડ સાયર સૂપ, બટર ચપાટી, પુરી,પાલક પનીર, મિકસશાક, રગુન વાલ ,પંજાબી દાળ, જીરારાઈસ, ગ્રીનસલાડ,પાપડ,બુન્દી રાયતું, શ્રીખંડ, આઈસક્રીમ | ૨૦૦–૨૨૫ | |
| | | ૧૬:૦૦ | ચા,બિસ્કિટી,કોફી, | ૨૦૦–૨૨૫ | |
| | | ૦૮:૩૦ થી ૦૯:૩૦ | **ભોજન(રાત્રે) :** બટર ચપાતી, પુરી,દાળ–ભાત , મટર પનીર , ભીંડી મસાલા,પાપડ, ગ્રીનસલાડ,દહી, આઈસક્રીમ | ૨૦૦–૨૨૫ | |
| ૩ | ૩૦/૦૪/૧૮ | ૦૬:૩૦ | ચા / કોફી | ૨૦૦–૨૨૫ | |
| | | ૦૭:૩૦ થી ૦૮:૩૦ | **નાસ્તો(સવારે) :** ઘી ની ગરમ જલેબી, ફાફડા, સેવખમણી, આલુપરોઠા, દહી, બ્રેડબટર, જામ | ૨૦૦–૨૨૫ | |
| | | ૧૧:૦૦ | ચા / કોફી ,બિસ્કિટ | ૨૦૦–૨૨૫ | |
| | | ૦૧:૩૦ થી ૦૨:૩૦ | **ભોજન(બપોરે) :** તંદુરરોટી, પુરી,પનીર ભુરજી,રાજમા, દાળ ફ્રાય, ગ્રીનસલાડ, મેથીગોટા,પાપડ,મગ શીરો, બાસુંદી , આઈસક્રીમ | ૨૦૦–૨૨૫ | |
| | | ૧૬:૦૦ | ચા,કોફી,બિસ્કિટ | ૨૦૦–૨૨૫ | |
| | | ૦૮:૩૦ થી ૦૯:૩૦ | **ભોજન(રાત્રે) :** બટર ચપાતી, પુરી,શાહીપનીર, બટાટાની સુકીભાજી, ખીચડી, કઢી, ગ્રીનસલાડ,દહી, આઈસક્રીમ | ૨૦૦–૨૨૫ | |

ભાવ આપનારની સહી

નામ

સિકકો

Scanned by CamScanner

## –:: ભોજન તેમજ ચા–નાસ્તા અંગેની શરતો ::–

(૧) ટેન્ડર ફી (નોન રીફંન્ડેબલ) રૂા.૧૫૦૦/– કચેરીમાં રોકડા ભરી ટેન્ડર ફોર્મ કચેરી સમય દરમ્યાન કચેરી માંથી મેળવવાનું રહેશે.

(૨) ભાવ પત્રકના કવર ઉપર **'' ભોજન તથા નાસ્તાના ભાવ''** એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે. ભાવ પત્રક બંધ કવરમાં પોસ્ટ / કુરીયર ધ્વારા પાનકાર્ડ તેમજ આધારકાર્ડ ની નકલ સામેલ રાખી મોકલવાનું રહેશે.

(૩) ભોજન તેમજ ચા નાસ્તાના ભાવ નિયત ટેન્ડર ફોર્મમાં ભરીને મોકલી આપવાના રહેશે. ટેન્ડર સાથે ઈએમડી પેટે કુલ રકમ રૂા. ૧૦,૦૦૦ /– નો ડીડી'' ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ''ના નામનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દાંતીવાડાશાખા (૦૨૭૬૦) નો સામેલ રાખવો. જે પાર્ટીના ભાવ મંજુર થશે તે પાર્ટીની ઈએમડી જમા રાખી અન્ય પાર્ટીઓનો ઈએમડી નો ડી.ડી. પરત કરવામાં આવશે.

(૪) ટેન્ડર ફોર્મ પેન્સીલથી ભરેલું હોવું જોઈએ નહી. ઓવર રાઈટીંગ કે ચેકચાક વગરનું સ્પષ્ટ અને સ્વચ્છ અક્ષરથી ભરવાનું રહેશે.

(૫) કોઈપણ પ્રકારનું શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૬) ભરેલ ટેન્ડર તા. ૧૫/૦૪ /૨૦૧૮, ૧૭–૦૦ કલાક સુધી જ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેલ ભાવો માન્ય રાખવામાં આવશે નહી.

(૭) મેનુ પ્રમાણે અને સમય પ્રમાણે કન્વીનરશ્રીની સુચના મુજબ જે તે સ્થળે સારી ગુણવત્તા યુકત(ઘી બનાસ બાન્ડનું ) ચા, કોફી, નાસ્તો, ભોજન અને મીનરલ વોટર આપવાનું રહેશે.

(૮) ભોજન તથા નાસ્તા માટેની તમામ કેટરીંગની ચીજ વસ્તુઓ, જરૂરી સાધન સામગ્રી, મજુરો તેમજ વેઈટરો સાથેના ભાવ આપવાના રહેશે. ભોજન,નાસ્તા તેમજ ચા–કોફી ના ભાવ સ્થળ પર પીરસવા તેમજ તમામ ટેક્ષ સાથેના આપવા ના રહેશે.

(૯) ભોજન તેમજ નાસ્તાનું કામ ઉધારબીલથી કરવાનું રહેશે તેનું ચુકવણું અત્રેના કેન્દ્રની વહીવટી / હીસાબી કાર્યવાહી બાદ કરવામાં આવશે. બિલનું ચુકવણું એકાઉન્ટ પે ચેકથી કરવામાં આવશે. ઉધારબીલમાંથી સરકારશ્રીના નીતિ નિયમ મુજબ ટેક્ષ કાપી બાકીની રકમનું ચુકવણું કરવામાં આવશે.

(૧૦) જે પાર્ટીના બધીજ આઈટમોની કુલ કિંમત સૌથી ઓછી હશે તે પાર્ટીના ભાવ માન્ય રાખવામાં આવશે.

(૧૧) ભોજન તેમજ નાસ્તા અંગેની શરતો સંપૂર્ણપણે સમજીને જ ભાવ ટેન્ડર ફોર્મમાં ભરવાના રહેશે. એક વખત ભાવ આપ્યા બાદ કોઈપણ રજૂઆત ગ્રાહય રાખવામાં આવશે નહીં.

(૧૨) ભોજન તેમજ નાસ્તાની કામગીરી ને સમય મર્યાદામાં પુરૂ કરવામાં અસમર્થ જણાશે તો અનામતની રકમ જપ્ત કરવામાંઆવશે. અને તરતની ઓછા ભાવ વાળી પાર્ટીને કામગીરી સોંપવામાં આવશે.

(૧૩) ટેન્ડરમાં દર્શાવેલ સભ્ય સંખ્યા અંદાજીત છે તેમજ તે વધ–ઘટને પાત્ર છે. તો તે મુજબ વ્યકિત દીઠ ભાવ આપવાના રહેશે અને ખરેખર સંખ્યા જે તે દિવસે અગાઉથી જણાવવામાં આવશે.

(૧૪) સદર કાર્યક્રમની તારીખો ૨૮થી ૩૦ એપ્રીલ ૨૦૧૮ છે. પરંતુ અનિવાર્ય સંજોગોમાં સદર કાર્યક્રમની તારીખોમાં ફેરફાર,મોકુફ કે રદ થાય તો આપેલ ઓર્ડર રદ ગણાશે.

(૧૫) કોઈ પણ જાતનાં કાયદાં કાનૂનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં ન્યાય ક્ષેત્ર પાલનપુર રહેશે.

(૧૬ ) કોઈપણ ટેન્ડર સ્વીકારવા / ખોલવા કે માન્ય/અમાન્ય રાખવાની સત્તા નીચે સહી કરનાર ને અબાધિત રહેશે.

સ્થળ :– (ઉપરોકત શરતો વાંચી સમજી અને માન્ય રાખી ભાવ આપેલ છે.)

તારીખ :–

ભાવ આપનારની સહી

નામ

સિકકો

**ફકત કચેરી ના ઉપયોગ માટે**

ટેન્ડર નંબરઃ–

તારીખ :–

**કચેરીના વડાનીસહી/કચેરીનોસિકકો**

Scanned by CamScanner